PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭/કવા–૦૨/૧૮–૧૯/ 8291 - 2 તા. 01 SEP 2018

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અ.અઝીઝ અ. ગન્ની શમા,,
સમસ્ત મુસ્લીમ જુલાયા જમાત
જુનાગઢ
પીન–૩૬૨૦૦૧
મો: ૯૦૬૭૧ ૨૮૨૮૭

વિષય :–ધાર્મિક સંસ્થાઓને રાહત મળવા બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૮–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: સમસ્ત મુસ્લીમ જુલાયા જમાત, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે અબ્દુલભાઈ હઝીઝભાઈ ગની હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી – જુનાગઢ)

રજુઆત કરનાર :યુ.જી.વસાવા – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

## : હુકમ :

**ફરીયાદ : ધાર્મિક સંસ્થાને વીજબીલ મા વળતર બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ સમસ્ત મુસ્લીમ જુલાયા જમાત, જુનાગઢ ના પ્રમુખ હોય – જેનુ વીજજોડાણ મા વિદ્યુત શુલ્ક મા રાહત આપવા અંગે તા.૦૯–૦૧–૧૨ ના રોજ અરજી કરતા – નાયબ ઈજનેર સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૫–૦૨–૨૦૧૨ થી વીજબીલ મા – વિદ્યુત શુલ્ક મા રાહત આપવામા આવે છે. સદર વીજબીલ મા ઓડિટ પારા રીપોર્ટ અન્વયે – પીજીવીસીએલ દ્વારા તા.૧૧–૦૪–૧૮ થી રૂ.૩૦,૨૨૩/૧૪ નુ પૂરવણીબીલ આપેલ છે. જે અન્વયે - જણાવેલ કે ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ તા.૩૦–૧૧–૯૬ થી અસ્તીત્વમાં આવેલ છે. તેમજ સદર સંસ્થા ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ ગાંધીનગર ખાતે નોધાયેલ હોય – જેથી સરકાર શ્રી ના તા.૨૦–૦૫–૧૯૮૯ ના હુકમ મુજબ ની કાર્યવાહી કરવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી જુલિયાવાડા મસ્જિદ ગ્રા.નં.34105/02071/4 (GLP કેટેગરી) તરફથી તેમને આપવામાં આવેલ ઇલેક્ટ્રીક ડ્યૂટિ પેટેના સપ્લીમેંટરી બીલ રૂ 30223.14 સામે રજૂઆત છે. કેઇસ સંબંધિત જરૂરી વિગતવાર માહિતી નીચે દર્શાવ્યા મુજબ છે.<br>• સદર કનેક્શન ગ્રાહકશ્રી જુલિયાવાડા મસ્જિદ ગ્રા.નં 34105/02071/4 થી ઘરવપરાશ ના હેતુસર તા 07.08.2007 ના રોજ રીલીઝ કરવામાં આવેલ જેમાં ED સરક્યુલર નં 23546 તા 05.09.2007 મુજબ ગ્રાહકને બિલ માં 20% ઈ.ડી. લગાડવામાં આવતી હતી.<br>• જુલિયાવાડા મસ્જિદ ટ્રસ્ટ ના સેકેટરી શ્રી એન.એસ.દાનાઈ તરફ થી ઈડી માં રાહત માટે તા 09.01.2012 ના રોજ પીજીવીસીએલ માં અરજી કરેલ જેમાં જી.એચ.યુ./89/30/ઈ.લોડી/1189/9544/કે./તા 20.05.1989 ના સરકારશ્રી ના નોટીફીકેશન ને ધ્યાનમાં લેવા તેમની રજૂઆત હતી જે સંદર્ભે પેટા વિભાગીય કચેરી દ્વારા સદર કનેકશનની કેટેગરી RGPU માથી GLP કરી નાખેલ તેમજ વિધુત શુલ્ક માં (20% માથી 0%) માફી કરી ગ્રાહક ને લેખિત પત્ર નં 3315/ તા 14.02.2012 થી પેટા વિભાગીય કચેરી એ જાણ કરેલ.<br>• ઓડિટ ટીમ પોરબંદર દ્વારા ઓડિટ પીરિયડ એપ્રિલ-16 થી માર્ચ-17 નું ઓડિટ કરતાં તેમના તરફથી સદર |

| | |
|---|---|
| | કેઈસમાં એપ્રિલ-13 થી જાન્યુઆરી-2018 સુધી ના સમયગાળા માટે ઈ.ડી ની વસૂલાત 25% લેખે કરતાં ટોટલ વસૂલાત ની રકમ રૂ 30223.14 વસૂલાત પાત્ર થયેલ જે બાબતે ગ્રાહકને સપ્લીમેંટરી બિલ પત્ર નં 1551 તા 11.04.2018 થી આપવામાં આવેલ છે. ઈ.ડી સર્ક્યુલર ને ધ્યાનમાં લઈ સદર કેઇસ ની તલસ્પર્શ અભ્યાસ કરતાં નીચેની બાબત ધ્યાને આવે છે.<br>• ગ્રાહક ના બિલમાં કનેક્શન રીલીઝ થયેલ ત્યારે લગાડવામાં આવેલ ઈ.ડી. રહેણાક હેતુ માટે સર્ક્યુલર નં જાનડી-1/પ.ફ./વહીવટ/2007/23546/તા 05.09.2007 મુજબ શિડ્યુયલ-1 ની આઇટમ-1(બ)મુજબ 20% યોગ્ય હતું.<br>• નવેમ્બર-ડિસેમ્બર-2011 બિલ જાન્યુઆરી-2012 ના બિલિંગ માં ગ્રાહક ના બિલ માં કેટેગરી RGPU માથી GLP તથા ED 0% કરવામાં આવેલ છે પરંતુ ગ્રાહક દ્વારા જે ઇડી મોડીફીકેશન dt:20.05.1989 ને ધ્યાન માં રાખી રાહત માગવામાં આવેલ તેનું પેટા વિભાગીય કચેરી તરફ થી શરતચૂક થી ખોટું અર્થઘટન કરી ઇડી 0% કરી નાખવામાં આવેલ.<br>• ઓડિટ ટીમ તરફ થી સદર કેઇસમાં કાઢવામાં આવેલ રિકવરી રૂ 30223.14 જે ઇડી પરિપત્ર 184/તા :24.04.2013 ને ધ્યાન માં રાખી કાઢેલ છે.<br>• ઇડી ડિપાર્ટમેંટ ની વેબ સાઇટ પર ઉપલબ્ધ માહિતી માં ક્યાં પ્રકાર ના ગ્રાહક ને ED માફી મળી શકે તેની વિગત દર્શાવેલ છે જેમાં સદર ગ્રાહક ની કેટેગરી ને ધ્યાન માં લેતા તેને ED માફી મળી શકે તેમ નથી.<br>• LT BILLING COMBINATION MASTER VIEW માં "RELIGIOUS CONSUMERS (TRUST) માં ED 25% લેવા સૂચન કરેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | **ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.** |
| ૩.૧ | • **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, શ્રી જુલિયાવાડા મસ્જિદ ગ્રા.નં.34105/02071/4 થી વીજજોડાણ જુનાગઢ સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.**<br>• **અરજદાર દ્વારા રજુ કરાયેલ – ગુજરાત સરકાર શ્રી તરફથી ઈન્ડસ્ટ્રીઝ માઈન્સ અને એનર્જી વિભાગ – ગાંધીનગર ના નોટીફિકેશન નં. તા.૨૦–૦૫–૧૯૮૯ મુજબ – " ..... The rate of electricity duty specified in Item (7) of Part-1 of schedule -1 to be said Act, in respect of energy consumed by religious places to 40% of consumption charges "**<br>• **ઓડિટ ટીમ દ્વારા – ૨૦૧૬–૧૭ ના નાણાકીય વર્ષ ના– ઓડિટ રીપોર્ટ તા.૨૨–૦૨–૧૮ મુજબ – – વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર ના પત્ર નં.–૬૧૮૦ તા.૦૯–૦૪–૧૩ મુજબ – વિદ્યુત શુલ્ક મા થયેલ ફેરફાર તા.૦૧–૦૪–૧૩ થી અમલવારી કરવી – તે મુજબ સદર વીજજોડાણ માં બીલીંગ સમયગાળા માહે એપ્રીલ –૨૦૧૩ થી માહે માહે જાન્યુઆરી– ૨૦૧૮ સુધીમાં વીજકર ની રકમ – ૦% ને બદલે ૨૫% મુજબ આકારણી કરેલ છે. જે બાબત નિયમાધીન છે.**<br>• **આમ, ઉપરોકત બાબતે સદર કેઈસ મા પીજીવીસીએલ દ્વારા અરજદાર ને – રીકવરી બીલ રૂ.૩૦,૨૨૩/૧૪ જે પ્રવર્તમાન મા રહેલ વિદ્યુતશુલ્ક સમાહર્તા કચેરી – ગાંધીનગર ના પરીપત્ર અન્વયે – અપાયેલ છે, જે બાબત નિયમાધીન છે, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.** |

મુદદા નં.–૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ પીજીવીસીએલ દ્વારા અરજદાર ને – રૂ.૩૦,૨૨૩/૧૪ નુ રીકવરી બીલ અપાયેલ છે, તે પીજીવીસીએલ મા પ્રવર્તમાન મા રહેલ વિદ્યુતશુલ્ક સમાહર્તા કચેરી – ગાંધીનગર ના પરીપત્ર અન્વયે – અપાયેલ છે, જે બાબત નિયમાધીન હોવા અંગેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.